કોઇ પણ સરકાર, વિરોધ પક્ષ વિના વધારે દિવસ ટકી ન શકે
- ડિઝરાયેલી

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૦૦ | ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૨, શનિવાર; નિજ ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

મેટ્રો રેલ પ્રોજેક્ટમાં ૩ રૂટ આખરી કરાયા

ગાંધીનગરની મેટ્રો રેલ એ.ઈ.સી. જંક્શનથી અક્ષરધામ આવશે : ચ-રોડ પર ધોળાકુવા થઈ આ રેલ સેવા ગાંધીનગરમાં પ્રવેશ કરશે : ચ-૩ મોટું સેન્ટ્રલ જંક્શન થશે : ચ-૩થી મહાત્મા મંદિરનો રૂટ બનશે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત સરકારનો અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગાંધીનગર-અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટમાં ગાંધીનગર માટે કુલ ત્રણ રૂટ નિયત કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટમાં ચ-૩ નજીક સેન્ટ્રલ જંક્શન ઉભુ કરવાના નિર્દેશ મળ્યા છે.

રાજયના શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિન પટેલે આજે મેટ્રોરેલ પ્રોજેક્ટ અમલીકરણની ઉચ્ચાધિકાર સમિતિની બેઠકને અંતે આ વિગતો જાહેર કરી હતી. જેમાં ગાંધીનગર-અમદાવાદનો ૩૨ કિ.મી.ના રૂટો આખરી કરવામાં આવ્યા હતા.

શહેરી વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે એક રૂટ એઈસી જંક્શનથી અક્ષરધામનો રહેશે. બીજો રૂટ મહાત્મા મંદિર માટેનો હશે જ્યારે ત્રીજો રૂટ ગિફ્ટસીટીથી એરપોર્ટનો રહેશે.

અમદાવાદ શહેરનાં ગાંધીનગર સાથેના જોડાણ માટેનો મેટ્રોરેલ રૂટ AEC જંક્શનથી ગાંધીનગર અક્ષરધામ મંદિર સુધીનો રહેશે તેની રૂપરેખા આપતાં શહેરી વિકાસમંત્રીશ્રીએ ઉમેર્યું કે AECથી સાબરમતી, વિસત પેટ્રોલપંપ, IIT ગાંધીનગર, તપોવન સર્કલ, કોબા સર્કલથી રાજયધોરી માર્ગ-૭૧ને ઓળંગી સાબરમતી

● અનુસંધાન પાન-૭ પર

આજે ગાંધીનગરમાં ૩૯ કરોડનાં કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

જીવરાજ મહેતા ભવનમાં નવનિર્મિત બ્લોક નં. ૧૯નું લોકાર્પણ અને કોબા-એરપોર્ટ પરના હાંસોલ બ્રિજને છ માર્ગીય કરવાના કામનું ખાતમુહૂર્ત : બન્ને કાર્યક્રમો માર્ગ-મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં રૂ. ૩૯ કરોડના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્તના બે મહત્વના કાર્યક્રમોનું રાજયના માર્ગ-મકાન વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

જીવરાજ મહેતા ભવનમાં નવનિર્મિત બ્લોક નં. ૧૯નું લોકાર્પણ આજે માર્ગ-મકાન વિભાગના મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવશે. આ ઉપરાંત કોબા-એરપોર્ટ રસ્તા પર હાંસોલ પાસે સાબરમતી નદી પરના હયાત ચાર માર્ગીય પુલને છ માર્ગીય કરવાના કામનો ખાતવિધિ પણ તેમના હસ્તે કરવામાં આવશે.

આ પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર તથા ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર ખાસ ઉપસ્થિત રહેશે.

જીવરાજ મહેતા ભવન ખાતે બ્લોક નં. ૧૯નું બાંધકામ એક વર્ષમાં જ પૂર્ણ કરી અને તેનું લોકાર્પણ કરવામાં આવી રહ્યું છે. રૂ. ૬.૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ બ્લોકને કારણે ૪૧૧૮ ચો.મી.નો કારપેટ એરિયા ઓફિસો માટે ઉપલબ્ધ થશે.

આ બ્લોકમાં ઓફિસોની ફાળવણી હવે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરવામાં આવશે. આ બ્લોક આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર ધરાવે છે તેમજ ભૂકંપ પ્રતિરોધક

● અનુસંધાન પાન-૭ પર

ખેડબ્રહ્મા - અંબાજી માર્ગ માઈ ભક્તોથી ઉભરાયો...

તસવીર : હરેશ જોષી, પાલનપુર

સોહરાબ કેસમાં અભય ચૂડાસમાની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી દીધી

પગની તકલીફ હોવાથી આરામ માટે જામીન માગ્યા હતા પણ તપાસમાં વિક્ષેપ પડવાની દલીલ માન્ય રાખી

ગાંધીનગર, તા.૨૮

સોહરાબુદ્દીન એનકાઉન્ટર કેસમાં પકડાયેલા અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના ડેપ્યુટી પોલીસ કમિશનર અભય ચૂડાસમાની જામીન અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે.

ચૂડાસમાએ દાખલ કરેલી જામીન અરજી અંગે હાઈકોર્ટમાં ગઈ તા.૮મી સપ્ટેમ્બરે સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને તે સમયે જસ્ટીસ અભિલાષા કુમારીએ જામીન પર છોડવા કે નહીં તેનો ચુકાદો અનામત રાખ્યો હતો.

અભય ચૂડાસમાએ દાખલ કરેલી જામીન અરજીનો સોહરાબના ભાઈ રૂબાબુદ્દીને વિરોધ કર્યો હતો. તેણે કહ્યું હતું કે સોહરાબુદ્દીન એનકાઉન્ટરમાં સાક્ષી તરીકે

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાતમાં પ્રજા અને પોલીસ માટે ૩૨ સુરક્ષા સેતુ સોસાયટીની રચના

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા પોલીસ વિભાગની કામગીરીને વધારે પ્રજાભિમુખ બનાવવા રાજયમાં સુરક્ષા સેતુ સોસાયટીઓની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગૃહ વિભાગના અગ્રસચિવ એસ.કે.નંદાએ જણાવ્યું હતું કે રાજયકક્ષાએ એક, તમામ જિલ્લાઓના પોલીસ અધિક્ષકો તેમજ ચાર પોલીસ કમિશનરોના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં મળીને કુલ ૩૨ સોસાયટીઓની રચના કરવામાં આવશે.

સુરક્ષા સેતુ સોસાયટીઓ માટે

● અનુસંધાન પાન-૭ પર

દિવાળી વેકેશન પ્રવાસી

UNIVERSAL
R.O. પ્લાન્ટ ફક્ત
₹ 7500
વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ
₹ 2200
An ISO 9001 : 2008 Certified Company
SAHARA SALES & SERVICE
9909855882-9825807199

ઘ-૫ ખાતે ભવ્ય શુભારંભ
ARAVALLI Art & Craft Festival-2011
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ
30-9-12 to 16-10-12
પ્રદર્શન અને વેચાણ
TIME : 11 A.M. to 10 P.M.
હેન્ડીકાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી
રાજસ્થાની કાષ્ઠ શિલ્પ, પેન્ટીંગ, ગુજરાતી એમ્બ્રોયટરી, બેટ શીટ્સ, પડદા, કાશ્મીરી હસ્તકલા અને કપડા, કલકત્તાની સાડી, જ્વેલરી, કલકત્તાનું ટેરાકોટા તથા કાપા કોટન ટોપ્સ....
એન્ટ્રી પાર્કીંગ ફ્રી
ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર.

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી નાથાલાલ પ્રભુદાસ પટેલ તા. ૨૭/૯/૨૦૧૨ ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા.૩૦/૯/૨૦૧૨ ને રવિવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- જાગેશ્વર મહાદેવ ની વાડી, મું. રાંધેજા, તા. જી. ગાંધીનગર.

પટેલ વિનોદભાઈ બળદેવભાઈ
પટેલ સુરેશભાઈ બળદેવભાઈ
પટેલ જગદીશભાઈ બળદેવભાઈ
પટેલ હિમાંશુ જયંતિલાલ
પટેલ સંદીપ જયંતિલાલ

લિ. પટેલ બળદેવભાઈ નાથાલાલ
(પૂર્વ. સેક્રેટ્રી શ્રી, એ.પી.એમ.સી., ગાંધીનગર)
પટેલ જયંતિલાલ નાથાલાલ
(ડિરેક્ટર શ્રી, ગાંધીનગર નાગરિક કો. બૌ. બેન્ક લિ.)
પટેલ બાબુભાઈ અંબાલાલ

ક્રમ | મેસા ટ્રેડિંગ કંપની કલા એન્ટરપ્રાઈઝ | નવરત્ન સ્ટોન એક્સ્ટ્રીમ, ચાવક રાજ કાર્ડીંગ (ડીલ્ટ્રી. મશ્ર ઘાસ બેલ્ટ) | ગ્રામ વિકાસ સ્ટોર્સ ક્રિષ્ણ વિકાસ સ્ટોર્સ

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

પટેલ જેઠાભાઈ શંકરદાસ (રૂપાલવાળા) પટેલ વાડીભાઈ શંકરદાસ

દિપાવલી નિમિત્તે પ્રથમ 50 પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે 'ફ્રી' માં ખાસ ઘટાડો
GPSC પ્રિલિમ પરીક્ષા
ફી માત્ર ₹ 18,000/-
29-9-2012 થી 05-10-2012 સુધીમાં પ્રવેશ મેળવનાર માટે જ !
વર્ગ શરૂ થવાની તા.29-11-2012
પાલનપુર/મહેસાણા/ગાંધીનગર શાખામાં જ પ્રવેશ...

શાખાઓ	ભણવાના દિવસ	ભણવાના દિવસ
પાલનપુર	3.00 થી 5.00	શુક્ર - શનિ - રવિ
મહેસાણા	7.00 થી 9.00	
ગાંધીનગર	8.00 થી 10.00	

5-10-2012 સુધીમાં પ્રવેશ મેળવી ખાસ ભોફરનો લાભ મેળવો તે પહેલાં તે પહેલાના ધોરણે!
TCCI EDUCATION PVT. LTD.
PATAN 95740 04323 | VISNAGAR 95740 04325 | HIMATNAGAR 95740 04326
જાહેરાતનું કર્ટીંગ લાવનારને જ ફીમાં રાહત મળશે
HELPLINE NO : 95740 04323, 9574004327
સબ રજીસ્ટાર GPSC
4 માસની પરીક્ષાલક્ષી અભ્યાસક્રમ
ફોર્મ ભરવાની છેલ્લી તા. 24-9-12
ફી માત્ર ₹ 14,000/- | પરીક્ષા સંભવિત ડિસેમ્બર 2012
PSI ઈન્ટરવ્યુ માટે (ગાંધીનગર ખાતે) ઉપરોક્ત સમયે સંપર્ક કરો...

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગરસમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧